# મળવાનું થયું !

‘કમ્પ્યુટર’ પર એને ને મારે મળવાનું થયું,
બાગ-બગીચા વગર અમારે મળવાનું થયું,

ઠંડી ગરમી કે વરસાદની કોઈ ચિંતા નથી,
ઘરમાં બેસીને જ ગમે ત્યારે મળવાનું થયું.

એને મળવા માટે જૂઠું બોલવું પડતું નથી,
‘ઈમેલ’થી જ દિવસે ને રાતે મળવાનું થયું.

છબી એની મૂકી છે ‘સ્ક્રીનસેવર’ પર હવે,
દર્શન કરી નિત એની સાથે મલકવાનું થયું.

‘આઈકૉન’ એડ્રેસનો છે હવે ‘ડેસ્કટોપ’પર,
‘ડબ્બલ ક્લીક’કરી રોજ એને લખવાનું થયું.

થઈ જાય ‘સરવર’ જ્યારે જ્યારે ‘ડાઉન’,
‘કીબોર્ડ’ પર થોડાક આંસુને પાડવાનું થયું.

વાતો એની ‘સેવ’ કરી કરી ખૂટી છે જગ્યા,
એટલેતો ‘હાર્ડડીસ્ક’ને મારે બદલવાનું થયું,

‘કટ’ ને ‘પેસ્ટ’ કરીને સમય બચાવ્યો ઘણો,
મારા કેટલાક મિત્રો સાથે એને મળવાનું થયું.

‘ઈમેલ’ એની હવે નથી આવતી કદી ‘ચમન’,
દુઃખી દિલે બધુ ‘ડીલીટ’ મારે કરવાનું થયું!!

૦ ચીમન પટેલ ‘ચમન’
૧૭ મે’૦૩